# 3 સરકાર

### ભાગ 1



3.૧




3.૨

આપણે છાપાઓમાં 'સરકાર' શબ્દ વારંવાર વાંચીએ છીએ (૩.૧) અને રેડિયો કે ટી.વી. પર સમાચારમાં 'સરકાર' શબ્દ સાંભળીએ છીએ (૩.૨). તો વિદ્યાર્થી મિત્રો આપણને એમ થાય કે આ 'સરકાર' એટલે શું ? તેનાં કાર્યો અને તેનું આપણા જીવનમાં શું મહત્વ છે ? ચાલો આપણે એ વિશે જાણીએ.



3.3



3.૪

તમે જાણો છો દરેક દેશને જુદા જુદા નિર્ણયો લેવા માટે તેમજ તેનો અમલ કરવા માટે સરકારની જરૂર પડે છે. શાળાઓ, રસ્તાઓ ક્યાં બનાવવા ? ચીજવસ્તુઓના ભાવ વધારવા કે ઘટાડવા ? વીજળીની સુવિધાઓ કેવી રીતે પૂરી પાડવી? વગેરે અંગે સરકાર નિર્ણય લે છે (૩.૩). સરકાર કાયદો બનાવનારી અને તેને અમલમાં મુકાવનારી સંસ્થા છે (૩.૪). દરેક દેશમાં સરકાર દ્વારા બંધારણ અનુસાર કાયદા બનાવવા, અમલમાં મૂકવા તેમજ તેમાં સુધારા કરવાનું કામ થાય છે. આમ, સરકાર ઘણાં મહત્વનાં કાર્ય કરે છે. આપણે વર્તમાનપત્રમાં આવતા સમાચારોના આધારે સરકારનાં કાર્યો વિશે જાણી




3.૫

શકીએ છીએ (૩.૫).

• સરકાર ના કાર્યો :



3.૬

+ સરકાર પણ એક ‘સંચાલક મંડળ’ છે. જે સામાન્ય રીતે લોકશાહીમાં લોકોની ઈચ્છા મુજબ વહીવટ ચલાવે છે. સરકાર ઘણાં લોકકલ્યાણનાં કાર્યો કરે છે. સરકાર આર્થિક તથા સામાજિક સમસ્યાઓના ઉકેલનું કાર્ય કરે છે. સરકાર દેશની આર્થિક સ્થીતિ, લોકોની ગરીબી, બેકારી વિશે તેમજ લોકોનાં શિક્ષણ અને સ્વાસ્થ્ય માટે ચિંતા કરે છે. સસ્તા અનાજની દુકાનો દ્વારા ખાદ્યસામગ્રીનું વિતરણ, શિક્ષણ સંસ્થાઓ, હોસ્પીટલો, આપત્તિઓ વખતે સહાય, ન્યાયાલયની વ્યવસ્થા, વાહનવ્યવહારની વ્યવસ્થા, પોસ્ટ, રેલ્વેની સેવા જેવાં અનેકવિધ કાર્યો સરકાર કરે છે. (૩.૬). સરકાર બીજા દેશો સાથે શાંતિપૂર્ણ સંબધ રાખે છે. (૩.૭).

• સરકાર નું મહતવ



3.૮



3.૯



3.૧૦



3.૧૧

સરકાર એટલા માટે જરૂરી છે કે તેણે બનાવેલા કાયદા, નિયમો બધા પર એકસરખા લાગુ પાડી શકાય. સરકાર કાયદા બનાવે છે અને તેનો અમલ પણ અધિકારીઓ, કર્મચારીઓ અને પોલીસો મારફતે કરાવે છે. (૩.૮). દેશમાં શાંÂન્ત રહે

(૩.૯). કાયદો અને વ્યવસ્થા જળવાય (૩.૧૦) તથા દેશનો વિકાસ થાય (૩.૧૧). તે માટે સરકારની અગત્યની ભૂમિકા છે.

• વિવિધ સ્તરે સરકાર :




3.૧૬




3.૧3




3.૧૪




3.૧૫

સરકારની જવાબદારી વિવિધ ક્ષેત્રે જુદી જુદી સુવિદ્યાઓ અને સગવડ પુરી પાડવાની છે. આપણો ભારત દેશ ખૂબ જ મોટો દેશ છે. એક જ સ્તરે, અથવા સ્થળેથી વહીવટ કરવામાં આવે તો ઘણી મુશ્કેલીઓ સર્જાય અને નાગરિકોને અગવડ પડે તેથી આપણી સરકાર અલગ અલગ સ્તરે કામ કરે છે (૩.૧૨). સ્થાનિક કક્ષાએ, રાજ્ય કક્ષાએ તેમજ રાષ્ટ્રીય કક્ષાએ કાર્ય કરે છે (૩.૧૩). સ્થાનિક સ્તર કે કક્ષાનો સંબધ ગામ, શહેર સાથેનો છે (૩.૧૪). રાજ્ય સ્તરનો સબંધ આખા રાજ્ય સાથેનો છે (૩.૧૫). રાષ્ટ્રીય સ્તરની સરકારનો સંબંધ આખા દેશ સાથેનો છે.